R.C.S. No. 11 / 2010

વાદી તરફે આંક : ૧૦૭ થી, જ્યારે પ્રતિવાદીઓ તરફે આંક : ૧૧૧ થી સી.પી.સી ઓડર – ૩૯ રૂલ ૧ અને ૨ તથા કલમ – ૧૫૧ હેઠળ ચાલતા દાવો દરમ્યાન મનાઈ હુકમ મેળવવા માટેની અરજી તથા પ્રતિઅરજી લગત સંયુક્ત હુકમ.....

(૧) વાદીએ હાલની અરજી દાખલ કરી દાદ માગેલ છે કે, મોજે ટાકાટુકા, તા.ભિલોડાની સીમના (જુના સર્વે નં. ૧૪૫/૧, ૧૧૯/૧) સર્વે નં. ૪૧૧ ની ૩–૪૪–૦૬ તેમજ ૪૧૨ ની દાવાવાળી જમીન કે જેની વિગતવાર હદમરજાદ દાવા અરજીના પેરા નં. ૨ માં વર્ણવેલ છે તે હદખુંટ ચાર વચ્ચેની દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં પ્રવેશ કરે કરાવે નહી કે વધુ ખોદકામ કે બાંધકામ કરે કરાવે નહી કે અન્ય કોઈ ઈસમોને મિલ્કત વેચે વેચાવે નહી કે વાદીને દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં ખેતી કરતા કે ખેતી કામ કરતા કોઈ અડચણ અંતરાય ઉભું થાય તેવું કોઈ કુત્ર્ય કરે કરાવે નહી કે વાદગ્રસ્ત જમીનનું વાપર ઉપયોગ ભોગવટો કરતા કોઈ હરકત હેલો થાય તેવું કોઈ કુત્ર્ય કરે કરાવે નહી તેવી વાદીના લાભમાં અને પ્રતિવાદીઓ વિરુદ્ધનો દાવો ચાલતા દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવા અરજ કરલે છે.

(૨) વાદી તરફે હાલની અરજી નું કારણ અને દલીલ છે કે, ઉપરોક્ત જમીન વાડીઓની વડીલો પાર્જીત મિલકત આવેલી છે, સદર દાવા વાળી વાદ ગ્રસ્ત જમીનમાં પૂર્વે આવેલ રોડ છોડી સર્વે નં. ૧૪૫/૧, ની જેનો નવીન સર્વે નં. ૪૧૧, ૩–૪૪–૦૬ તેમજ ૧૧૯/૧, જેનો નવીન સર્વે નં. ૪૧૨ ની ૬.૫૦.૩૬ દાવાવાળી વાદગ્રસ્ત જમીનની બાકી રહેતી ખુલ્લી જમીન આવેલી છે જે રસ્તો છોડી પૂર્વે આવેલ દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં પ્રતિવાદીઓએ તદ્દન ગેરકાયદેસર અને બિન અધીકુર્ત રીતે કેટલાક સમય અગાઉ દબાણ કરી દુકાનો બનાવી દીધેલ છે એટલુજ નહી

પરંતુ પ્રતિવાદી નં.૪ નાએ દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં રહેઠાણનું મકાન પણ બનાવી દીધેલ છે. પ્રતિવાદીઓએ અમો વાદીની દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં દબાણ કરેલાની હકીકત વાદીને તાજેતરમાં ખાનગી સર્વેયર મારફતે માપણી કરાવતા થયેલી જેથી વાદીએ પ્રતિવાદીઓને વાદીની દાવાવાળી જમીનમાં ગેરકાયદેસરનું બાંધકામ કરેલ છે અને બધાએ મારી જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડવા બાંધકામ કરલે છે. જેથી બાંધકામ દુર કરી દાવાવાળી વાદગ્રસ્ત જમીન વાદીને ખુલ્લી કરી આપવા જણાવતા પ્રતિવાદીઓ એક સંપ થઈ વાદી ઉપર ઉશ્કેરાઈ ગયેલા અને કહેવા લાગેલા કે બધું બાંધકામ ગામતળની જમીનમાં કરેલ છે અને જો ગામતળની જમીન ના હોઈ તો પણ આ બાંધકામ દુકુર કરવાના નથી કે જમીન તમોને સુપ્રત કરવાના નથી. તમારા થી થયા તે કરી લો પ્રતિવાદીઓ ખુબજ માથાભારે ખુબજ મોટું જૂથબળ ધરાવતા ઈસમો છે ક્યારે શું બેસે તેની કોઈ ખાતરી નથી દાવા દાખલ થયા અગાઉ બે દિવસ અગાઉ વાદી સદર દાવાવાળી જમીનમાં જઈ રહ્યા હતા ત્યરે આ કામના પ્રતિવાદીનાઓ વાદીને ધમકી આપવા લાગેલા કે આ જમીન તેઓની છે અને જો તેમોને આ બાંધકામ દુર કરવાની વાત કરી છે અથવા અહિયાં પગ મુક્યો છે તો જાનથી મારી નાખીશું અને વાંધા કોતરોમાં મારીને ફેકી દઈશું જેની કોઈ ગંધ પણ નહી આવે અને હજુ પણ જે ખુલ્લી જમીન છે તેમાં પણ બધા ખોદકામ અને બાંધકામ કરી બીજી દુકાનો કરી દઈશું અને તમો અમારું કશું જ બગડી શકશો નહી ત્યારે જ્યાં જવું હોઈ ત્યાં જાઓ તમારા માટે કોર્ટ કચેરીઓ પોલીસ સ્ટેશન ખુલ્લા છે.

(૩) આ કામના પ્રતિવાદીઓ ખુબજ માથાભારે ઝનૂની સ્વભાવના અને મોટું જૂથબળ ધરાવતા કાયદામાં ન માનનારા ઈસમો છે અને ક્યારે શું કરી બેસે તેની કોઈ ખાતરી નથી અને આ કામના પ્રતિવાદીઓ વાદીની દાવાવાળી વાદગ્રસ્ત જમીન પચાવી પાડવા કટીબદ્ધ અને કુતનિશ્ચયી બનેલા છે અને જો પ્રતિવાદીઓએ અગાઉ બાંધકામ કરી દીધું તેમ તેમના

ધમકી આપ્યા મુજબ બીજું વધુ બાંધકામ કરી દે દેવડાવે તેઓ વાદીની કાયદેસરની મિલકત છીનવાઈ જાય અને દાવાવાળી વાદગ્રસ્ત જમીન ઉપરના કાયદેસરના હક્ક હિતો ઉપર વિપરીત અસર પડે જેથી કરી વાદીએ દાવાવાળી વાદગ્રસ્ત જમીન ઉપરના કાયદેસરના હક્ક હિતોના રક્ષણ માટે તેમજ પ્રતિવાદીઓએ દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં કરેલ દબાણ દુર કરાવવા આદેશાત્મક હુકમ મેળવવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો ના.કોર્ટમાં દાવો દાખલ કરેલ જે દાવાના કામે પ્રતિવાદી નં.૪,૧૫ તરફે સૌપ્રથમ જવાબ રજુ કરેલ ત્યાર બાદ અન્ય કોઈ પ્રતિવાદીઓએ કોઈ જવાબ રજુ કરેલ ન હોઈ વાદીએ ના.કોર્ટમાં આંક : સોગંદનામાંથી પુરાવો રજુ કરેલ ત્યાર બાદ પ્રતિવાદી નં. ૧ થી ૩ અને ૫ થી ૧૩ નાઓએ લેખિત જવાબનો હક્ક રી–ઓપન કરવા અરજી ના.કોર્ટમાં આંક :   થી આપતા ના.કોર્ટ જવાબનો હક્ક રી – ઓપન કરેલ લેખિત જવાબ તા.૨૨/૦૯/૨૦૨૩ ના રોજ રજુ થયેલ ત્યાર બાદ પ્રતિવાદીઓએ જવાબમાં ઉલ્લેખ કર્યો મુજબ અન્ય પ્રતિવાદીઓના પરવાના સને ૨૦૨૦, ૨૦૧૭ ની સાલમાં દાવો દાખલ કર્યાબાદ વેચાણ દસ્તાવેજીથી વેચાણ કરેલ હોઈ દાવાના કામે વાદી તરફે સૂચિત પક્ષકારોને પ્રતિવાદી નં.૧૬ થી ૨૦ જોડવા અરજ ગુજરેલ જે કામે નામદાર કોર્ટ અરજ મંજૂર કર્તા સુધારો અરજી રજૂ કરલે તેમજ તેના જવાબ રજૂ થવા માટે રાખેલ પરંતુ, તેઓએ અગાઉનો જવાબ એડોપટ કરેલ તેમજ આ તમામ પક્ષકરો વાદીને રકમ ચૂકવી સમાધાન કરવાની ચર્ચા કરતા હોઇ તે માટે સમય પસાર થયેલ તેમજ સમાધાન ન થતાં ત્યાર બદ પ્રતિવાદીઓએ તા.૦૨/૦૩/૨૦૨૫ ના રોજ માતાજીના મંદિરે એવું જણાવેલ કે, “અમો તો આ દાવાવાળી મિલકત અન્ય માથાભારે ઈસમોને ચાલુ દાવે વેચાણ આપી દેવાના છીએ તેમજ વધુ બાંધકામ ચાલુ કરનાર છીએ તમારાથી થાય તે કરી લેજો અમોતો ૧૩ વર્ષ બાદ લેખિત જવાબ રજૂ કર્યો કાયદાની પ્રક્રિયા લાંબી છે" તેમ ધમકી ઓ ઉચ્ચારવા લાગેલા જેથી અમોને પ્રતિતી થયેલ કે દાવાવાળી મિલકત અમારી જાણ બહાર

અન્ય ઈસમોને વેચાણ કરી દે અને ત્યાર બાદ દાવાનો નિર્ણય થાય તો હુકમ નામાની બજવણીમાં મોટી મુશ્કેલી ઊભી થયા તેમજ ધમકીઓ આપ્યા મુજબ દાવાવાળી મિલકતમાં ચાલુ ડાવે અન્ય ઈસમને વેચાણ કરે તેમજ વધુ બાંધકામ કરી દે તો, અમારી દાવ વાળી ખેતીી જમીન છીનવાઇ જાય તેમજ દાવો ચાલીને તણો નિણર્ય આવવામાં અસમી જાય તે સ્વાભાવિક છે અને જો તે દરમિયાન પ્રતિવાદીઓ અન્ય કોઈ ઈસમોને વેચાણ ગીરો બક્ષિસ કે અન્ય રીતે તબદીલ કરે તો તેમજ વધુ બાંધકામ કરી દે તો અમોને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન જાય તેમજ નામદાર કોર્ટ મારફતે ડી. આઈ. એલ. આર કચેરી મારફતે સદરહુ સર્વે નં. માપણી કરાવેલ જેમાં સર્વેયર શ્રીએ દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીઓ બાંધકામ કરતા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. જેથી વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. સગવડ અગવડ નું ધોરણ પણ વાદીનું તરફેણનું હોઈ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયનસ પણ વાદીઓના લાભમાં હોઈ ચાલુ દાવે તાજેતરમાં નવીન કારણ ઉત્પન્ન થયેલ હોઈ સદરહુ મનાઈ અરજી નવીન દાખલ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે.

(૪) ઉપરોક્ત અરજી અનુશનધાને, પ્રતિવાદીઓ દ્વારા સંયુક્ત રીતે આંક : ૧૧૧ થી લેખિત જવાબ રજૂ કરેલ છે અને તેમ મુખ્યતવે એવી તકરાર દલીલ કરેલ છે કે, સદર હું જમીન જાગીરી પરવાના નં. ૦૩૯, ૦૪૦ની જમીન વાદીના મરહૂમ પિતાશ્રી દુલેસિંહ કુશાળસિંહ રાઠોડનાઓએ વેચાણ કરી પરવાનો કરી આપેલ છે અને તેમના પિતા જીવિત હતા તે સમય દરમિયાન સદરહુ જમીનમાં પ્રતિવાદીઓએ દુકાનો, મકાનો બનાવેલ છે અને શાંત કબજો ભોગવટો ધરાવે છે અને ઘણા સમય પછી વાદીને મિલકત બાબતે તેમના ભાઈઓ સાથે ઝઘડો થતા હાલનો ખોટો દાવો પ્રતિવાદીઓને દબાવવા રકમ પડાવવા સારું કરેલ છે. પ્રતિવાદી નં. ૫ નાઓએ પ્રતિવાદી નં. ૮ નાઓ પાસેથી દાવાવાળી જમીન પૈકી

પરવાના નં. ૦૪૦ ની પૂર્વ – પશ્ચિમ ૨૦ ફૂટ અને ઉત્તર – દક્ષિણ ૧૫ ફૂટ મળી કુલ ૨૭.૮૭ ચો.મી જમીન રજી. દસ્તાવેજ નં. ૫૫૬ થી તા.૨૭/૧૨/૯૬ ના રોજ રૂ. ૧૧૨૫/– માં વેચાણ રાખેલ છે. ત્યાર થી સદર હું જમીન પ્રતિવાદી નં. ૫ ના કબ્જા ભોગવટામાં આવેલ છે. પ્રતિવાદી નં. ૯ નાએ સદર જમીન પ્રતિવાદી નં. ૧૫ નાઓ પાસેથી જાગીરી પરવાના નં. ૪૦ ની પૂર્વ – પશ્ચિમ ૨૦ ફૂટ અને ઉત્તર – દક્ષિણ ૧૦ ફૂટ ની જમીન મળી કુલ ૧૮.૫૮ ચો.મી જમીન રજી. દસ્તાવેજ નં. ૫૪૯ થી તા.૧૪/૧૨/૯૯ ના રોજ રૂ.૫૦૦૦/– માં વેચાણ રાખેલ્ છે. ત્યાર થી પ્રતિવાદી નં. ૯ ના કબ્જા ભોગવટામાં જમીન આવેલ છે. પ્રતિવાદી નં. ૨/૨/૧, નાઓએ પગી દિનેશકુમાર રઘજીભાઈ રહે. બોલુન્દ્રનાઓએ પ્રતિવાદી નં. ૧ રાઠોડ કરણસિંહ રણજીતસિંહ રહે. ટાકાટુકા નાઓ પાસેથી જાગીરી પરવાના નં. ૦૩૯ ની જમીન પૂર્વ – પશ્ચિમ, ૨૦ ફૂટ અને ઉત્તર – દક્ષિણ ૨૦ ફૂટ મળી કુલ – ૩૭.૧૬ ચો.મી જમીન રજી. દસ્તાવેજ નં.૫૫૫ થી તા.૨૭/૧૨/૯૬ ના રોજ રૂ. ૧૫૦૦/– માં વેચાણ રાખેલ છે. ત્યાર થી સદરહુ જમીન વેચાણ રાખનારા કબ્જા ભોગવટામાં આવેલ છે. પ્રતિવાદી નં. ૧૨ ના પટેલ રમણભાઈ પ્રભાતભાઈ નાઓએ જમીન પરવાના નં. ૦૪૦ વાળી પૂર્વ – પશ્ચિમ ૨૦ ફૂટ અને ઉત્તર – દક્ષિણ ૧૦ ફૂટ મળી કુલ ૧૮.૮૫ ચો.મી. જમીન રજી. દસ્તાવેજ નં. ૫૫૮ થી તા.૨૭/૧૨/૯૬ ના રોજ રૂ. ૭૫૦/– માં વેચાણ પ્રતિવાદી નં. ૮ પટેલ કચરાભાઈ સવજીભાઈ પાસેથી રાખેલ છે ત્યાર થી સદર જમીન વેચાણ રાખનારના કબ્જા ભોગવટામાં આવેલ છે. પ્રતિવાદી નં. ૧ રાઠોડ કરણસિંહ રણજીતસિંહ રહે. ટાકાટુકા નાઓએ પરવાના નં. ૩૯ વાળી જમીન પૂર્વ – પશ્ચિમ ૨૦ ફૂટ અને ઉત્તર – દક્ષિણ ૪૦ ફૂટ મળી કુલ, ૭૪.૩૨ ચો.મી જમીન રજી. દસ્તાવેજ નં. ૫૩૧ થી તા. ૧૪/૧૨/૯૬ ના રોજ રૂ. ૩૦૦૦/– માં વેચાણ પ્રતિવાદી નં. ૭ પટેલ હાથીભાઈ માક્મભાઈ પાસેથી રાખેલ છે ત્યાર થી સદરહું જમીન વેચાણ રાખનારના કબ્જા ભોગવટામાં આવેલ છે.

(૫) પ્રતિવાદી નં. ૭ પટેલ હાથીભાઈ માક્મભાઈ નાઓએ ટાકાટુકા જાગીરી પરવાના નં. ૦૩૯ વાળી જમીન પૂર્વ – પશ્ચિમ ૨૦ ફૂટ અને ઉત્તર – દક્ષિણ ૧૪૦ ફૂટ મળી કુલ ૨૮૦૦.૦૦ ચો.ફૂટ જમીન જાગીરી પરવાના થી તા.૨૪/૧૨/૧૯૫૧ ના રોજ રૂ. ૧૫૧/– માં ઠાકોરશ્રી પહાડા ટાકાટુકા પાસેથી વેચાણ રાખેલ છે અને ત્યાર બાદ તેઓએ તેમાંથી જમીનનું વેચાણ અન્ય પ્રતિવાદીઓને અને પ્રતિવાદીઓ સિવાયના અન્ય ઈસમોને પણ કરેલ છે. સદર જમીનમાં પ્રતિવાદી નં. ૭ નાઓએ રજી. દસ્તાવેજ નં. ૧૭૩ તા. ૦૭/૦૪/૧૯૯૭ ના રોજ રૂ. ૭૫૦/– માં પટેલ ભરતભાઈ કોદરભાઈ રહે. ટાકાટુકા નાઓને પૂર્વ – પશ્ચિમ ૨૦ ફૂટ અને ઉત્તર – દક્ષિણ ૧૦ ફૂટ મળી કુલ ૧૮.૫૮ ચો.મી. વેચાણ આપેલ છે. અને સદર જમીન પટેલ ભરતભાઈ કોદરભાઈ રહે. ટાકાટુકા નાઓએ પટેલ પ્રવીણાબેન કનૈયાલાલ રહે. ટાકાટુકા નાઓને રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૨૦૭ તા.૧૧/૧૨/૨૦૨૦ ના રોજ રૂ. ૬,૦૦૦/– માં પૂર્વ – પશ્ચિમ ૨૦ ફૂટ અને ઉત્તર – દક્ષિણ ૧૦ ફૂટ મળી કુલ ૧૮.૫૮ ચો.મી જમીન વેચાણ આપેલ છે. સદર જમીન પૈકી પ્રતિવાદી નં. ૭ એટલે કે હાથીભાઈ માક્મભાઈનાઓએ રાઠોડ વનરાજસિંહ ઈન્દ્રવિજયસિંહ રહે. ટાકાટુકા નાઓને તા. ૧૪/૧૨/૯૬ ના રોજ પૂર્વ – પશ્ચિમ ૨૦ ફૂટ અને ઉત્તર – દક્ષિણ ૨૦ ફૂટ મળી કુલ્લ – ૩૭.૧૬ ચો.મી. રજી.વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપેલ ત્યાર બાદ સદર જમીન રજી.વેચાણ દસ્તાવેજ નં. ૫૭૭ તા.૦૬/૧૧/૯૭ ના રોજ પૂર્વ – પશ્ચિમ ૨૦ ફૂટ અને ઉત્તર – દક્ષિણ ૨૦ ફૂટ મળી કુલ્લ – ૩૭.૧૬ ચો.મી. જમીન રાઠોડ વનરાજસિંહ ઈન્દ્રવિજયસિંહ રહે. ટાકાટુકા નાઓ પાસેથી જીતેન્દ્રસિંહ પ્રતાપસિંહ રહે. ટાકાટુકા નાઓએ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૫૯૯ થી તા. ૦૬/૧૧/૯૭ ના રોજ વેચાણ રાખેલ છે. રહે.ટાકાટકા નાઓએ રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૯૯ થી તા.૦૬/૧૧/૯૭ ના રોજ વેચાણ રાખેલ છે ત્યારથી સદરહ જમીન

રાઠોડ જીતેન્દ્રસિંહ પ્રતાપસિંહ પાસે આવેલ છે. પ્રતિવાદી નં.૭એટલે કે હાથીભાઈ માંકમભાઈનાઓએ સદરહ જમીન પૈકી પરવાના નં.૦૩૯ ની જમીન પૂર્વ–પિચ્ચમ ૨૦ કુટ અને ઉત્તર–દક્ષિણ ૧૦ કુટ મળી કુલ ૧૮.૫૮ ચો. મી. જમીન રજી વેચાણ દસ્તાવેજ નં.૫૨૯ તા.૧૪/૧૨/૯૬ રૂ.૭૫૦/– માં રાઠોડ વિજયસિહ રામસિહ રહે ટાકાટુકા નાઓને વેચાણ આપેલ છે. પ્રતિવાદી નં.૮ કચરાભાઈ સવજીભાઈ પટેલ નાઓ ગુજરતાં તેમના વારસો પટેલ મુળાભાઈ કચરાભાઈ રહે.ટાકાટુકાનાઓ પાસેથી ટાકાટુકા જાગીરી પરવાના નં.૦૪૦ વાળી જમીન પૂર્વ–પિચ્ચમ ૨૦ કુટ અને ઉત્તર–દક્ષિણ ૧૦ કુટ મળી કુલ ૧૮.૫૮ ચો. મી. જમીન રજી. વેચાણ દસ્તાવેજ નં.૮૩ તા.૨૨/૦૨/૯૯ ના રોજ પ્રતિવાદી નં.૧૫ નાઓએ રૂા.૨૩૫૦/– માં વેચાણ રાખેલ છે. સદરહુ જાગીરી પરવાના નં.૩૯ વાળી જમીન પટેલ હાથીભાઈ માંકમભાઈનાઓએ પ્રતિવાદીઓ તેમજ પ્રતિવાદીઓ સીવાયના અન્ય વ્યકિતઓને પણ વેચાણ આપેલ છે અને કમશઃ તે જમીનનુ વેચાણ થયેલ છે.

(૬) પ્રતિવાદી નં.૮ નાઓએ ટાકાટુકાના સહીશ પટેલ નટુભાઈ રંગાભાઈ નાઓને પરવાના નં.૪૦ પૈકી પૂર્વ–પિચ્ચમ ૨૦ કુટ અને ઉત્તર–દક્ષિણ ૨૦ કુટ મળી કુલ ૩૭.૧૬ ચો.મી. જમીન રજી. વેચાણ દસ્તાવેજથી આપેલ છે જે જમીન નટુભાઈ રંગાભાઈ પટેલનાઓએ પ્રતિવાદી નં.૧૧ પ્રજાપતિ મણીબેન વિઠલભાઈનાઓએ જાગીરી પરવાના નં.૦૪૦ વાળી જમીન પૂર્વ–પિચ્ચમ ૨૦ કુટ અને ઉત્તર–દક્ષિણ ૧૦ કુટ મળી કુલ ૧૮.૫૮ ચો.મી. જમીન રજી. દસ્તાવેજ નં.૬૨૬ થી તા. ૧૪/૧૨/૯૮ ના રોજ રૂા.૨૫૦૦/– માં વેચાણ રાખેલ છે ત્યારથી સદરહુ જમીન વેચાણ રાખનારના કબજા ભોગવટામાં આવેલ છે. પ્રજાપતિ અનસુયાબેન સાંકાભાઈ રહે.ટાકાટકા નાઓએ પરવાના નં.૦૪૦ વાળી જમીન પૈકી ૧૮.૫૮ ચો.મી. જમીન પટેલ નટુભાઈ રંગાભાઈ

રહે.ટાકાટુકાનાઓ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૬૨૭/૧૯૯૮ થી તા.૨૪/૧૨/૯૮ નારોજ વેચાણ રાખેલ સદરહુ જમીન પ્રજાપતિ અનસુયાબેન સાંકાભાઈનાઓએ રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૯૭ થી તા.૨૨/૩/૨૦૧૭ નારોજ લુહાર સિકંદરહુસેન સફીભાઈ રહે.ભિલોડાનાઓને રૂા.૧૦,૦૦૦/- માં વેચાણ આપેલ છે. પ્રતિવાદી નં.૧૧ પ્રજાપતિ મણીબેન વિઠલભાઈ નાઓએ ટાકાટુકા જાગીરી પરવાના નં.૦૪૦ ની પૂર્વ-પિચ્ચમ ૨૦ ફુટ અને ઉત્તર-દક્ષિણ ૧૦ ફુટ મળી કુલ ૧૮.૫૮ ચો. મી. જમીન તેઓએ લુહાર સિકંદરહુસેન સફીભાઈ રહે.ભિલોડાનાઓને રૂા. ૧૦,૦૦૦/- માં રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૯૬ તા.૨૨/૦૩/૨૦૧૭ થી વેચાણ આપેલ છે. પ્રતિવાદી નં.૧૩ રાઠોડ અમરસિંહ લક્ષ્મસિંહ નાઓએ તેઓએ વેચાણ રાખેલ જમીન ભાવનાબેન નારણભાઈ નિનામા રહે. ચિત્રોડી તા.વિજયનગર નાઓને વેચાણ આપેલ છે. પ્રતિવાદી નં.૭ નાઓએ પ્રતિવાદી નં.૫ રાઠોડ હિમ્મતસિહ રણજીતસિંહ નાઓને તા.૧૪/૧૨/૯૬ ના રોજ પરવાના નં.૦૩૯ વાળી જમીન પૈકી પૂર્વ-પિચ્ચમ ૨૦ ફુટ અને ઉત્તર-દક્ષિણ ૨૦ ફુટ મળી કુલ ૩૭.૧૬ ચો. મી. જમીન રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ તે જમીન પ્રતિવાદી નં.૫ નાઓએ પ્રતિવાદી નં.૪ નાઓને રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૪૫/૯૬ થી તા.૨૬/૧૨/૯૬ નારોજ વેચાણ આપેલ ત્યારથી પ્રતિવાદી નં.૪ નાઓ સદર જમીન પર મકાન બનાવી રહે છે.

(૭) સદરહુ દાવાવાળી જમીન પ્રતિવાદીઓએ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે ત્યારથી શાંત કબજો ભોગવટો ધરાવે છે અને પંચાયતનો વેરો પણ પ્રતિવાદીઓ ભરતા આવેલ છે તેમજ પ્રતિવાદી નં.૫ પાસેથી સદરહુ પરવાના નં.૩૯ વાળી જમીન સુથાર દીપકકુમાર દલસુખરામ નાઓએ તા.૨૪/૧૨/૯૬ ના રોજ વેચાણ રાખેલ અને તેના ઉપર રૂમ બનાવેલ હતી તે ૨૦×૨૦ ની જમીન પ્રતિવાદી નં.૧૫

નાઓએ રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૪/૦૧ થી તા.૧૨/૦૧/૨૦૦૧ થી વેચાણ રાખેલ છે અને શાંત કબજો ભોગવટો ધરાવીએ છીએ અને સરકારી વેરાઓ અમો પ્રતિવાદી નં.૧૫ નાઓ અમારા નામે ભરીએ છીએ અને પ્રતિવાદી નં.૪ નુ પણ મકાન આવેલ છે તેઓ પણ વર્ષોથી શાંત કબજો ભોગવટો ધરાવે છે.

(૮) સદરહુ મોજે ટાકાટુકાના ગામતળમાં પરવાના નં.૪૦ વાળી જમીન જે કુલ ૨૪૦૦ ચો. ફુટ વાળી પ્રતિવાદી નં. ૮ ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે જે જમીન ઠાકોરશ્રી ટાકાટુકાનાઓએ પ્રતિવાદી નં.૮ ને તા.૨૪/૧૨/૧૯૫૧ ના રોજ વેચાણ આપેલ છે ત્યાર થી પ્રતિવાદી નં.૮ ના સ્વતંત્ર માલીક અને કબજેદાર બનેલ છે. જેમાં અમો પ્રતિવાદી નં.૮ નાએ ટાકાટુકા ગૃપ ગ્રામ પંચાયતમાંથી તા.૧૮/૧૦/૧૯૯૪ ના રોજ ઠરાવ નં. ૨૭/૨ થી બાંધકામની પરવાનગી માગેલી છે અને જે બાંધકામની પરવાનગી આપવામાં આવેલી અને તેમાં દુકાનો તથા મકાનો બનાવી પ્રતિવાદીઓને સ્વતંત્ર માલીકી હકકે અને કબજે ભોગવટે વેચાણ આપેલ છે.

(૯) આ કામના પ્રતિવાદી નં.૨, ૩, ૬ તથા પ્રતિવાદી નં.૧૦ નાઓ પાસે સદરહુ દાવાવાળી જમીન પૈકી કોઈ પણ જમીન તેઓના નામે આવેલ નથી તેમ છતાં તેઓને ખોટી રીતે પ્રતિવાદી તરીકે જોડેલ છે અને વાદી પોતે ટાકાટુકા ગામના રહીશ હોવા છતાં સ્થળ ઉપર કબજા ભોગવટાવાળા વ્યકિતઓને જાણતા હોવા છતાં તેઓને પ્રતિવાદી તરીકે જાણી જોઈને જોડેલ નથી. આ સીવાય સદરહુ ટાકાટુકા જાગીરી પરવાના નં.૦૩૯ અને ૦૪૦ વાળી જમીન આ જમીનના મુળ માલીકોએ અન્ય વ્યક્તિઓને કનુભાઈ કચરાભાઈ, રાઠોડ વિજયસિંહ રામસિહ, પ્રજાપતિ બાબુભાઈ, ભાવનાબેન નારણ ચિત્રોડીવાળા, રાઠોડ જીતેન્દ્રસિહ તેમજ બીજા લોકોને વેચાણ આપેલ છે તેઓને હાલના વાદીએ પ્રતિવાદી તરીકે

દર્શાવેલ નથી તેમજ સદરહુ જમીન પૈકી અમુક જમીન મુળ પરવાનેદાર એટલે કે પ્રતિવાદી નં.૭,૮ ના વારસદારો પાસે પણ છે જે નામદાર કોર્ટને જાહેર કરીએ છીએ. સદરહુ દાવાવાળી જમીન હાલમાં સ્થળ ઉપર નાગણેશ્વરી મંદિર બાજુથી ટાકાટુકા તરફ જતાં પહેલાં પંચાલ નારણભાઈ અમથારામનુ પાકુ બાંધકામ, પંચાલ સવિતાબેન નારાયણદાસનુ પાકુ બાંધકામ, પગી દિનેશભાઈ રઘજીભાઈનુ પાકુ બાંધકામ ૧ રાઠોડ કરણસિહ રણજીતસિહન પાક બાંધકામ, રાઠોડ વિજયસિંહ રામસિંહનુ પાકુ બાંધકામ, રાઠોડ જીતેન્દ્રસિહ પ્રતાપસિહનુ પાકુ બાંધકામ અને પટેલ હાથીભાઈ માંકમભાઈની ખુલ્લી જમીન ૨૦×૨૦ ની આવેલ છે ત્યાર બાદ પટેલ રમણભાઈ પ્રભાભાઈના પાયા પુરેલા છે, રાઠોડ હિમ્મતસિહ રણજીતસિહનુ પાકુ બાંધકામ આવેલછે ત્યાર બાદ રસ્તો આવેલ છે ત્યાર બાદ લુહાર સિકંદર હુસેનનુ ૨૦X૨૦ નુ પાકુ બાંધકામ આવેલ છે, ત્યાર બાદ પટેલ કનુબાઈ કચરાભાઈના પાયા પુરેલ છે ત્યાર બાદ પ્રજાપતિ બાબુભાઈ ની ખુલ્લી જમીન આવેલ છે ત્યાર બાદ ભાવનાબેન નારાણભાઈ નિનામાની ખુલ્લી જમીન આવેલ છે ત્યાર બાદ પરવાર ચંદુભાઈ નાથાભાઈના પાયા પુરેલા વાળી મીલકત આવેલ છે આમ તમામ મીલકત હાલના ઉપરોકત પ્રતિવાદીઓ અને અન્ય વ્યકિતઓ જોડે ઘણા લાંબા સમયથી શાંત કબજા ભોગવટામાં આવેલ છે તેમજ બાજુમાં રાઠોડ સમાજની કુળદેવીનુ પરવાનાવાળુ નાગણેશ્વરી માતાનુ રાઠોડ રાજપુત સમાજનુ મંદિર આવેલ છે. જે તે જમીન ધારક પ્રતિવાદીઓ તેમજ અન્ય ધારણ કરનાર ઈસમોના નામે રેવન્યુ રેકર્ડે અને ટાકાટુકા ગ્રામ પંચાયત રેકર્ડે થઈ ગયેલ છે અને તેના ભરવા પડતા સરકારી વેરાઓ પણ પ્રતિવાદીઓએ ભરેલ છે અને પ્રતિવાદીઓએ ટાકાટુકા ગ્રામ પંચાયત પાસેથી મંજુરી મેળવી દાવાવાળી જગ્યામાં મકાનો તેમજ દુકાનો બનાવી વસવાટ કરી રહે છે.

(૯) પ્રતિવાદીઓએ ૧૯૫૧ ના પરવાના વાળી જમીન પૈકી રજી. વેચાણ દસ્તાવેથી જમીન વેચાણ રાખેલ છે જેના ૬૧ વર્ષ પછી હાલના વાદીએ દાવો દાખલ કરેલ છે જે ચાલવાપાત્ર નથી. હાલના વાદી નામદાર કોર્ટમાં કલીન હેન્ડ આવેલ નથી સત્ય હકીકતો છુપાવેલ છે હાલના વાદીનો કોઈ હકક અધિકાર નથી અને ખોટી માપણી પ્રાઈવેટ વ્યકિત દ્વારા કરાવી ખોટુ રેકર્ડ ઉભુ કરેલ છે સાચુ રેકર્ડ ટાકાટુકા ગ્રામ પંચાયતમાંથી મેળવી રજુ કરેલ નથી જે રજુ કરે તો સાચો ખ્યાલ નામદાર કોર્ટને આવી શકે તેમ છે. ભિલોડા થી વિજયનગર તરફ જતા રોડની પૂર્વ તરફ વાદીની માલીકીની કે કબજા ભોગવટાની કોઈ જ જમીન આવેલ નથી. પરંતુ સદર રોડની પૂર્વ તરફ અમો પ્રતિવાદીઓ તેમજ અન્ય પ્રતિવાદીઓ અને પ્રતિવાદી સીવાયની વ્યકિતઓનો પણ પ્રત્યક્ષ કબજા ભોગવટાની માલીકી વાળી મોજે ટાકાટુકાના ગામતળની પરવાના નં.૩૯ તથા પરવાના નં.૪૦ વાળી જમીન આવેલ છે અને જેમાં અમો પ્રતિવાદીઓ સ્વતંત્ર માલીકી હકકે, કબજો ભોગવટો ધરાવી તેમાં દુકાનો બનાવી ધંધો રોજગાર કરીએ છીએ તેમજ તેમાં અમો પ્રતિવાદીઓ તેમજ અન્ય વ્યકિતઓએ કબજા ભોગવટાવાળી ઉપરોકત પરવાના વાળી જમીનમાં અમારા રહેણાંકના મકાન બનાવેલ છે અને જે કાયદેસરનુ હોઈ તેથી અમો પ્રતિવાદીઓ તેનો ઘરવેરો પણ અમો ટાકાટુકા ગ્રામ પંચાયતમાં ભરતા આવેલ છીએ અને તેમાં અમોએ વર્ષોથી વીજ જોડાણ મેળવેલ છે અને તેનુ વિજ વપરાશનુ બીલ પણ અમો પ્રતિવાદીઓ વર્ષોથી ભરતા આવ્યા છીએ. વાદીની મનાઈ અરજીમાં જણાવ્યા મુજબ મનાઈ અરજીનુ કારણ કેટલા વર્ષ અગાઉ ઉત્પન્ન થયેલ છે તે જણાવવામાં આવેલ નથી. જેથી આ વાદીના આ મનાઈ અરજીને સમય મર્યાદાનો બાધ નડતો હોઈ વાદીની મનાઈ અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૧૦) આમ કરી હાલના વાદીએ ખોટી હકીકત દર્શાવી સ્થળ ઉપર કોઈ જ ખેતીની જમીન હોવા છતાં ખેતીની જમીન છે તેવુ દર્શાવી હાલનો દાવો

દાખલ કરેલ છે ખરેખર જે જમીનનો દાવો દાખલ કરેલ છે તે જમીન ઉપર ૧૯૫૧ થી પ્રતિવાદીઓ તેમજ બીજા ઈસમોનો કાયદેસરનો કબજો ભોગવટો છે તેમજ તે જમીન જાગીરી પરવાના નં.૩૯ અને ૪૦ ની આવેલ છે. પરંતુ હાલ રોડ સાઈડે જમીનોની કિંમત ઉચકાયેલ હોઈ હાલના વાદીની દાનત બગડતાં પ્રતિવાદીઓને નાક દબાવી મોટી રકમ પડાવી લેવા સારૂ હાલનો દાવો નામદાર કોર્ટમાં ખોટી હકીકત બતાવી દાખલ કરેલ છે. હાલના વાદીનો દાવો ખર્ચ સહિત નામંજુર કરવા તેમજ અમો પ્રતિવાદીઓને ખોટા ખર્ચમાં ઉતારેલ હોઈ અમો પ્રતિવાદીઓને હેવી કોમ્પેનસરી કોસ્ટ અપાવવા નામદાર કોર્ટને નમ્ર અરજ છે. આ કામના વાદીએ જાગીરી પરવાના નં.૦૩૯ અને ૦૪૦ ના મુળ ધારકો પટેલ હાથીભાઈ મોકમભાઈ અને પટેલ કચરાભાઈ સવજીભાઈ નાઓએ ૧૯૯૬ થી ૧૯૯૯ ની સાલમાં જુદા જુદા ઈસમોને રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી સદરહુ જમીનમાંથી જમીન વેચાણ આપેલ છે તેવા ખરીદ કરાનરાઓને હાલના વાદીએ પ્રતિવાદી તરીકે જોડેલા નથી જેમાં રાઠોડ વનરાજસિહ ઈન્દ્રવિજયસિંહ, સુથાર દિપકકુમાર દલસુખરામ, રાઠોડ અમરસિહ લક્ષ્મણસિહ, પટેલ મણીબેન વિઠલભાઈ, પટેલ ભરતભાઈ કોદરભાઈ રાઠોડ વિજયસિંહ રામસિહ, પટેલ મુળાભાઈ કચરાભાઈ, પટેલ નટુભાઈ રંગાભાઈ, પ્રજાપતિ અનસુયાબેન સાંકાભાઈ જેવા વ્યકિતઓએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી મિલકત વેચાણ રાખેલ હોવા છતાં તેમને પક્ષકાર તરીકે જોડેલ નથી તેમજ સદરહુ દાવાવાળી મીલકતનુ વેચાણ ૧૯૯૬ થી ૧૯૯૯ ની સાલમાં થઈ ગયેલ છે જયારે ૨૦૨૦ ની સાલમાં ભરતભાઈ કોદરભાઈ નાઓએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૧૨૦૭ થી જમીન વેચાણ રાખેલ છે. આમ આ દાવાના કામે પટેલ ભરતભાઈ કોદરભાઈને કે પ્રવિણાબેન કનૈયાલાલ નાઓને પક્ષકાર તરીકે જોડેલા નથી અને તેઓએ સદરહુ જમીન તા. ૧૧/૧૨/૨૦૨૦ નારોજ વેચાણ આપેલ છે જેથી તેઓની વિરૂધ્ધ વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય નહી. અમો પ્રતિવાદી નં.૧૬, ૧૭, ૧૮ નાઓએ અગાઉના પ્રતિવાદીઓએ જે જવાબ

રજુ કરેલ છે તે જવાબ આંક–૧૦૧ ની પુરસીસથી એડોપ્ટ કરેલ છે. આંક–પર થી વાદીએ ખોટી રીજોઈન્ડર કરેલ છે.

(૧૧) આ કામના વાદીએ તેમની મનાઈ અરજી દાખલ કરવા સારૂ કોઈ કારણ ઉપસ્થિત થયેલ ન હોવા છતાં પ્રતિવાદીઓએ ધમકી આપેલ હોય અને બાંધકામ કરવાનું કહેતા હોય અને વેચાણ ગીરો કે બક્ષીસ આપવાનુ કહેતા હોય તેવુ જણાવી પ્રથમ દર્શનીય કેસ છે તેમ જણાવે છે પરંતુ હાલના વાદીને કયા પ્રતિવાદીએ કયારે અને કોની હાજરીમાં કોઈ ધમકી અગર બાંધકામ કરવાનુ કહેતા હોય અને વેચાણ ગીરો કે બક્ષીસ આપવાનુ કહેતા હોય તેવુ સ્પષ્ટ જણાવેલ નથી. અમો પ્રતિવાદીઓએ ઉપરોકત વેચાણ રાખેલ મીલકતમાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી પ્રતિવાદીનો હકક ઉભો થયેલ છે તેમાં વાદીને દખલ કરવાનો કોઈ જ હકક નથી આ કામના વાદી તથા તેમના મળતીયા માણસો દ્વારા અમો પ્રતિવાદીઓના કાયદેસરના કબજા ભોગવટામાં હરકત હેલો કરી રહેલ છે અને નવીન હકક ઉપસ્થિત કરવાના ઈરાદે હાલનો દાવો તથા મનાઈ અરજી કરેલ છે તે જોતાં પ્રતિવાદીઓ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી મીલકતના માલીક બનેલ છીએ તેમ છતાં આ કામના વાદી અમો પ્રતિવાદીઓની કાયદેસરની તબદીલીથી મેળવેલ આ મીલકત ઉપર મનાઈ હુકમની માગણી કરેલ છે જે દાદ વાદીને મળી શકે નહી અને વાદીની દાદ માગણી મંજુર કરવામાં આવે તો અમો પ્રતિવાદીઓના કાયદેસર રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી મળેલા હકકો ઉપર તરાપ સમાન હુકમ ગણાય તે જોતાં પણ અમો પ્રતિવાદીઓને વેચાણ દસ્તાવેજથી મળેલા હકકો કાયદેસરના હોઈ તે હકકો ભોગવવવાનો અમો પ્રતિવાદીઓનો હકક અધિકાર હોઈ તે હકકો ભોગવતા અટકાવવાનો વાદીને કોઈ હકક મળતો નથી તેથી વાદીની મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરવા વિનંતી છે. **અમો પ્રતિવાદીઓ સદરહુ જમીન પર વર્ષોથી મકાન દુકાનો બનાવી રહી વેપાર કરી કબજો ભોગવટો કરી અમારુ જીવન**

ગુજારીએ છીએ તેથી અમારો કાયદેસરનો કબજો પડાવી લેવા સારૂ હાલના વાદી ખોટી હકીકતો જણાવી હાલની અરજી દાખલ કરેલ હોઈ વાદીની અરજી નામંજુર કરવા નામદાર કોર્ટને નમ્ર અરજ છે. સદરહુ જવાબમાં અમો પ્રતિવાદીઓ જરૂર પડે યોગ્ય સુધારો વધારો ઘટાડો કે ઉમેરો કરવાનો અમારો હકક અબાધિત રાખી છીએ.

(૧૨) સદરહુ પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ મનાઈ અરજીનો જવાબ અને જવાબ વખતે થયેલ સ્થળ સ્થિતી તેમજ પુરાવાલીસ્ટના દસ્તાવેજો જોતાં હાલના વાદી નામદાર કોર્ટમાં ચોખ્ખા હાથે આવેલ નથી. અમો પ્રતિવાદીઓનો પ્રાઈમાફેસી કેસ છે અને સગવડ અગવડનુ ધોરણ પણ અમો પ્રતિવાદીઓના તરફેણમાં છે. જેથી વાદીએ માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને કોઈ નુકશાન જાય તેમ નથી જયારે જો વાદીને માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો અમો પ્રતિવાદીઓને અમારી માલીકીની જમીનમાં અને અમારા હકકોને નુકશાન જાય તેમ છે. તેથી વાદીની મનાઈ અરજી ખર્ચ સહિત રદ કરવા સારૂ નામદાર કોર્ટને નમ્ર અરજ છે. અગાઉ પણ વાદીની મનાઈ અરજી આપ નામદાર કોર્ટે નામંજુર કરેલ છે. જે નામદાર કોર્ટને માનસર જણાવીએ છીએ. ઉપર જણાવેલ કારણોસર તેમજ સુનાવણી વખતે જે કારણો રજુ કરીએ તે તમામે તમામ કારણોસર વાદીની મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરવા ઘટતો હુકમ કરવા નામદાર કોર્ટને નમ્ર અરજ છે અને અમો પ્રતિવાદીઓને ખોટા ખર્ચમાં ઉતારેલ હોઈ હેવી કોમ્પેનસેટરી કોસ્ટ અપાવવા મે. કરશોજી.

(૧૩) સદરહુ વાદી નો મનાઈ હુકમની અરજી સામે પ્રતિવાદીના મનાઈ હુકમની અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

૧. શું વાદી તથા પ્રતિવાદી પુરવાર કરે છે કે, તેઓનો કેસ પ્રથમ દર્શનીય કેસ છે?

૨. શું વાદી તથા પ્રતિવાદી પુરવાર કરે છે કે, અગવડ સગવડની સમતુલા તેઓના પક્ષે છે.

૩. શું વાદી તથા પ્રતિવાદી પુરવાર કરે છે કે, તેઓને માંગ્યા મુજબની દાદ ન આપવામાં આવે તો વાદીઓને નુકશાન થાય તેમ છે?

૪. શું હુકમ ?

(૧૪) ઉપરોકત મુદ્દાના જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. યથાસ્થિતિમાં જાળવી રાખવાનો હુકમ

(૧૫) ઉપરોકત મુદ્દાના નિર્ણય હેતુ બન્ને પક્ષકારનો વિ.વ.શ્રીની દલીલો સાંભળી. તેઓની દલીલોમાં એવી રજુઆત છે કે દાવા અરજી તથા રજુ થયેલ જવાબ અને આધારોને ધ્યાને લેવા અને તે મુજબની તેઓની મૌખિક અને લેખીત દલીલ ગણવી તેવુ ખુલ્લી કોર્ટમા જાહેર કરેલ છે.

(૧૬) ઉપરોક્ત મુદા નં. ૪ ના હુકમ માટે મુદા નં. ૧ થી ૩ ની હકીકતો અને પ્લીડિંગસ અને પ્રાથમિક આધાર પુરાવા એક બીજા સાથે સંકળાયેલ હોઈ તમામ મુદાઓની એકની એક હકીકતનું પુનરાવર્તન ટાળવા માટે અહી એક સાથે મૂલ્યાંકન કરવામાં આવેલ છે. ઉપરોક્ત બન્ને પક્ષકારો તરફે રજુ મનાઈ હુકમની અરજી અંગે નિણર્ય અંગે રજુ હકીકતો તથા દસ્તાવેજી પુરાવા લક્ષે લેતા એ હકીકત નીર્વીવાદિત છે કે, વધુમાં, હાલની મનાઇ હુકમની અરજી નિર્ણય હેતુ કેટલાક માર્ગદર્શક ચુકાદા અહિં નોંધવા જરૂરી હોય જેમાં (૧) **Dalpatkumar And Anr. Vs. Prahlad Singh And Ors. On** 16 **December,** 1991 **: The Hon'ble Supreme**

court has Held that, Grant of injunction is a discretionary power of the court which can be exercised there of :

1. There is a seriously disputed question that is to be tried by the court in the suit on the facts before the court, but there is the probability of his being entitled to the relief which the plaintiff or the defendant is asking.

2. The court needs to interfere as it is necessary to prevent the possible future loss or protect the party from the species of injuring. To be precise, before the legal right is established at trial, irreparable loss or injury would have ensued.

3. The comparative hardship or mischief or inconvenience would be greater than that would be granted, which is likely to occur from withholding the injunction.

The condition for the grant of a temporary injunction is the existence of the prima facie right and the infraction of his property's enjoyment or the right. The Prima facie case cannot be confused with the prima facie trial as it is established on the evidence of the trial. It is not sufficient to grant an injunction that there is the satisfaction of the prima facie case itself.

The court further needs to satisfy that there will be an irreparable injury to the party which is seeking relief due to

non – interference of the court and that there is no other option available except to grant the injunction, which could prevent the party from the apprehended consequences of dispossession or injury. Irreparable injury means that there should material injury, but it does not mean that there should be no physical possibility of repairing that injury, and the injury cannot be compensated by way of compensation. The third condition for providing the grant for a temporary injunction should be the balance of convenience. The court should exercise sound judicial discretion while granting or rejecting the injunction filed by the respective parties so that they could find out the amount of substantial mischief or injury which is likely to be caused by the parties. The court would have granted the ad–interim injunction in the previous case but when the party seeks to set aside the decree on the basis of fraud pleaded in the suit by another party, but the court would circumspect before granting any injunction and look at the conduct of the respective parties and look at the matter that if the injunction is refused than whether the plaintiff is adequately compensated. The sale deed was executed in favor of the first appellant by the court. Respondents could be adequately compensated if they succeed at the trial. They could be compensated by awarding damages for the occupation of the property from the date of dispossession till the date of restitution. The trial court and the High Court

repeatedly refused the pending proceedings of the injunction.

Supreme Court observed that the High Court, without averting to any material circumstance or evidence or any alienation, made that the balance of convenience in favor of granting the injunction was wrong by the High Court. The Supreme Court set aside the High Court order and Confirmed the order of the trial court. The Supreme Court also stated that allowing the temporary injunction to the respondent was not made by keeping in mind all the provisions and the principles stated under order 39 of CPC.

(२) Further a Division Bench of this court in **Badri Prasad Vs. Chokhey Lal, AIR** 1926 **All** 406 **at p**. 408 ; (1926) 24 **ALL L J** 561 **at p. 565.** Hon'ble court has observed as follows; "The plaintiff ought to be able to satisfy the court of the practical certainty of success, and of the existence of grave danger, and of a real fear that a dishonest defendant, undoubtedly liable, in making away with the probable fruits of the judgment."

6. it is thus clear that the grant of an ad interim injunction is an extraordinary thing. It is not permissible to grant it unless the plaintiff established that the defendant has no case on merits, that the plaintiff is undoubtedly entitled to a decree and the defendant undoubtedly liable or likely to make away the fruits of the decree.

Further, The defendant court not have run away with the land which was the subject – matter of the suit. On the findings themseles, it is clear that the plaintiff had no prima facia case. Under the circumstances, the lower appellate court misconceived the limits of its jurisdiction in issuing the interim injunction.

(3) **Shiv Kumar Chadha Etc. Vs Municipal Corporatoin of Delhi And Ors on 4th May** 1993 (1993 **SCR** (3) 522) Hon'ble Court has Held that – It has been pointed out repeatedly that a party is not entitled to an order of injunction as a matter of right or courses, Grant of Injunction is within the discretion of court and such discretion is to be exercised in favor of the plaintiff only if it is proved to the satisfaction of the court that unless the defendant is restrained by an order of injunction, an irreparable loss or damage will be caused to the plaintiff during the pendency of the suit. The purpose of temporary injunction is, thus to maintain the status quo. The court grants such relief according to the legal principals – Ex debite Justitiae. Before any such order is passed the court must be satisfied that a strong primafacie case has been made out by the plaintiff including on the question of maintainability of the suit and the balance of convenience is in his favor and refusal of injunction would cause irreparable injury to him.

(૪) **Wandor Ltd. And Anr. Vs Antox India P. Ltd. On** 26th **April**. 1990 (1990 (2) **ARBLR** 399 (**SC**)) Hon'ble Court has Held that – The need for such protection must be weighed against the corresponding need of the defendant to be protected against injury resulting from his having been prevented from exercising his own legal rights of which he could not be adequately compensated. That court must weigh one need against another and determine where the "balance of convenience lies." આમ ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો લક્ષે લેતા, બન્ને પક્ષકારો દ્વારા રજુ થયેલ વચગાળાની મનાઈ હુકમની અરજીના સંયુક્ત નિર્ણય હેતુ અહી નોંધવું જરૂરી છે કે, પ્રતિવાદીએ તેઓની મનાઈ હુકમની અરજીમાં સ્પસ્ટ પણે જનવળે છે કે, આ કામના વાદીએ જાગીરી પરવાના નં.૦૩૯ અને ૦૪૦ ના મુળ ધારકો પટેલ હાથીભાઈ મોકમભાઈ અને પટેલ કચરાભાઈ સવજીભાઈ નાઓએ ૧૯૯૬ થી ૧૯૯૯ ની સાલમાં જુદા જુદા ઈસમોને રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી સદરહુ જમીનમાંથી જમીન વેચાણ આપેલ છે તેવા ખરીદ કરાનરાઓને હાલના વાદીએ પ્રતિવાદી તરીકે જોડેલા નથી જેમાં રાઠોડ વનરાજસિહ ઈન્દ્રવિજયસિંહ, સુથાર દિપકકુમાર દલસુખરામ, રાઠોડ અમરસિહ લક્ષ્મણસિહ, પટેલ મણીબેન વિઠલભાઈ, પટેલ ભરતભાઈ કોદરભાઈ રાઠોડ વિજયસિંહ રામસિહ, પટેલ મુળાભાઈ કચરાભાઈ, પટેલ નટુભાઈ રંગાભાઈ, પ્રજાપતિ અનસુયાબેન સાંકાભાઈ જેવા વ્યકિતઓએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી મિલકત વેચાણ રાખેલ હોવા છતાં તેમને પક્ષકાર તરીકે જોડેલ નથી તેમજ સદરહુ દાવાવાળી મીલકતનુ વેચાણ ૧૯૯૬ થી ૧૯૯૯ ની સાલમાં થઈ ગયેલ છે જયારે ૨૦૨૦ ની સાલમાં ભરતભાઈ કોદરભાઈ નાઓએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં.૧૨૦૭ થી જમીન વેચાણ રાખેલ છે. આમ આ દાવાના કામે પટેલ ભરતભાઈ કોદરભાઈને કે પ્રવિણાબેન

કનૈયાલાલ નાઓને પક્ષકાર તરીકે જોડેલા નથી અને તેઓએ સદરહુ જમીન તા. ૧૧/૧૨/૨૦૨૦ નારોજ વેચાણ આપેલ છે જેથી તેઓની વિરૂધ્ધ વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય નહી. અમો પ્રતિવાદી નં.૧૬, ૧૭, ૧૮ નાઓએ અગાઉના પ્રતિવાદીઓએ જે જવાબ રજુ કરેલ છે તે જવાબ આંક-૧૦૧ ની પુરસીસથી એડોપ્ટ કરેલ છે. આંક-૫૨ થી વાદીએ ખોટી રીજોઈન્ડર કરેલ છે.**અમો પ્રતિવાદીઓ સદરહુ જમીન પર વર્ષોથી મકાન દુકાનો બનાવી રહી વેપાર કરી કબજો ભોગવટો કરી અમારુ જીવન ગુજારીએ છીએ તેથી અમારો કાયદેસરનો કબજો પડાવી લેવા સારૂ હાલના વાદી ખોટી હકીકતો જણાવી હાલની અરજી દાખલ કરેલ હોઈ વાદીની અરજી નામંજુર કરવા નામદાર કોર્ટને નમ્ર અરજ છે.** જ્યારે વાદી તરફે રજૂઆત છે કે, ઉપરોક્ત જમીન વાડીઓની વડીલો પાર્જીત મિલકત આવેલી છે, સદર દાવા વાળી વાદ ગ્રસ્ત જમીનમાં પૂર્વે આવેલ રોડ છોડી સર્વે નં. ૧૪૫/૧, ની જેનો નવીન સર્વે નં. ૪૧૧, ૩-૪૪-૦૬ તેમજ ૧૧૯/૧, જેનો નવીન સર્વે નં. ૪૧૨ ની ૬.૫૦.૩૬ દાવાવાળી વાદગ્રસ્ત જમીનની બાકી રહેતી ખુલ્લી જમીન આવેલી છે જે રસ્તો છોડી પૂર્વે આવેલ દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં પ્રતિવાદીઓએ તદ્ધન ગેરકાયદેસર અને બિન અધીકુર્ત રીતે કેટલાક સમય અગાઉ દબાણ કરી દુકાનો બનાવી દીધેલ છે એટલુજ નહી પરંતુ પ્રતિવાદી નં.૪ નાએ દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં રહેઠાણનું મકાન પણ બનાવી દીધેલ છે. પ્રતિવાદીઓએ અમો વાદીની દાવાવાળી વાદગ્રસ્ત જમીનમાં દબાણ કરેલાની હકીકત વાદીને તાજેતરમાં ખાનગી સર્વેયર મારફતે માપણી કરાવતા થયેલી જેથી વાદીએ પ્રતિવાદીઓને વાદીની દાવાવાળી જમીનમાં ગેરકાયદેસરનું બાંધકામ કરેલ છે અને બધાએ મારી જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડવા બાંધકામ કરલે છે. જેથી બાંધકામ દુર કરી દાવાવાળી વાદગ્રસ્ત જમીન વાદીને ખુલ્લી કરી આપવા જણાવતા પ્રતિવાદીઓ એક સંપ થઇ વાદી ઉપર ઉશ્કેરાઈ ગયેલા અને કહેવા લાગેલા કે બધું બાંધકામ ગામતળની જમીનમાં કરેલ છે અને જો

ગામતળની જમીન ના હોઈ તો પણ આ બાંધકામ દૂકુર કરવાના નથી કે જમીન તમોને સુપ્રત કરવાના નથી. તમારા થી થયા તે કરી લો પ્રતિવાદીઓ ખુબજ માથાભારે ખુબજ મોટું જૂથબળ ધરાવતા ઈસમો છે ક્યારે શું બેસે તેની કોઈ ખાતરી નથી દાવા દાખલ થયા અગાઉ બે દિવસ અગાઉ વાદી સદર દાવાવાળી જમીનમાં જઈ રહ્યા હતા ત્યરે આ કામના પ્રતિવાદીનાઓ વાદીને ધમકી આપવા લાગેલા કે આ જમીન તેઓની છે અને જો તેમોને આ બાંધકામ દુર કરવાની વાત કરી છે અથવા અહિયાં પગ મુક્યો છે તો જાનથી મારી નાખીશું અને વાંધા કોતરોમાં મારીને ફેકી દઈશું જેની કોઈ ગંધ પણ નહી આવે અને હજુ પણ જે ખુલ્લી જમીન છે તેમાં પણ બધા ખોદકામ અને બાંધકામ કરી બીજી દુકાનો કરી દઈશું અને તમો અમારું કશું જ બગડી શકશો નહી ત્યારે જ્યાં જવું હોઈ ત્યાં જાઓ તમારા માટે કોર્ટ કચેરીઓ પોલીસ સ્ટેશન ખુલ્લા છે. તા.૨૨/૦૯/૨૦૨૩ ના રોજ રજુ થયેલ ત્યાર બાદ પ્રતિવાદીઓએ જવાબમાં ઉલ્લેખ કર્યો મુજબ અન્ય પ્રતિવાદીઓના પરવાના સને ૨૦૨૦, ૨૦૧૭ ની સાલમાં દાવો દાખલ કર્યાબાદ વેચાણ દસ્તાવેજીથી વેચાણ કરેલ હોઈ દાવાના કામે વાદી તરફે સૂચિત પક્ષકારોને પ્રતિવાદી નં.૧૬ થી ૨૦ જોડવા અરજ ગુજરેલ જે કામે નામદાર કોર્ટ અરજ મંજૂર કર્તા સુધારો અરજી રજૂ કરલે તેમજ તેના જવાબ રજૂ થવા માટે રાખેલ પરંતુ, તેઓએ અગાઉનો જવાબ એડોપટ કરેલ તેમજ આ તમામ પક્ષકરો વાદીને રકમ ચૂકવી સમાધાન કરવાની ચર્ચા કરતા હોઇ તે માટે સમય પસાર થયેલ તેમજ સમાધાન ન થતાં ત્યાર બદ પ્રતિવાદીઓએ તા.૦૨/૦૩/૨૦૨૫ ના રોજ માતાજીના મંદિરે એવું જણાવેલ કે, “અમો તો આ દાવાવાળી મિલકત અન્ય માથાભારે ઈસમોને ચાલુ દાવે વેચાણ આપી દેવાના છીએ તેમજ વધુ બાંધકામ ચાલુ કરનાર છીએ તમારાથી થાય તે કરી લેજો અમોતો ૧૩ વર્ષ બાદ લેખિત જવાબ રજૂ કર્યો કાયદાની પ્રક્રિયા લાંબી છે" તેમ ધમકી ઓ ઉચ્ચારવા લાગેલા જેથી અમોને પ્રતિતી થયેલ કે દાવાવાળી મિલકત અમારી જાણ બહાર અન્ય

ઇસમોને વેચાણ કરી દે અને ત્યાર બાદ દાવાનો નિર્ણય થાય તો હુકમ નામાની બજવણીમાં મોટી મુશ્કેલી ઊભી થયા તેમજ ધમકીઓ આપ્યા મુજબ દાવાવાળી મિલકતમાં ચાલુ ડાવે અન્ય ઇસમને વેચાણ કરે તેમજ વધુ બાંધકામ કરી દે તો, અમારી દાવ વાળી ખેતીી જમીન છીનવાઇ જાય તેમજ દાવો ચાલીને તણો નિણર્ય આવવામાં અસમી જાય તે સ્વાભાવિક છે અને જો તે દરમિયાન પ્રતિવાદીઓ અન્ય કોઈ ઇસમોને વેચાણ ગીરો બક્ષિસ કે અન્ય રીતે તબદીલ કરે તો તેમજ વધુ બાંધકામ કરી દે તો અમોને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન જાય તેમજ નામદાર કોર્ટ મારફતે ડી. આઈ. એલ. આર કચેરી મારફતે સદરહુ સર્વે નં. માપણી કરાવેલ જેમાં સર્વેચર શ્રીએ દાવાવાળી મિલકતમાં પ્રતિવાદીઓ બાંધકામ કરતા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. ઉપરોક્ત બંને પક્ષકરોને રેકર્ડ પર રજૂઆત ઘ્યાને લેતા પુરાવા લીઘા સિવાય કેસનો મેરીટ પર નિર્ણય થઈ શકે નહિ અને, મનાઈ હુકમની અરજીમાં એવો હુકમ પણ આપી શકાય નહિ કે જેથી આખો દાવો પુરાવા લીઘા વગર નીંરણિત થઈ જાય અહી નોંધવું જરૂરી છે કે, પ્રતિવાદીઓ તરફે હાલ પણ બાંધકામ ચાલુ હોવાનું અને દુકાનો અને મકાનો બનાવવાની કામગીરી કરી રહેલ હોવાનું સ્વીકારેલ છે, તે સંજોગોમાં એક થી વધુ નવા પક્ષકરો અને મલ્ટિપલીસિટી ઓફ સ્યૂટ પ્રોસીજર રેકર્ડ પર ઉપસ્થિતના થાય અને કેસનો મેરીટ પર નિણર્ય હેતુ બન્ને પક્ષકરોની અરજી ના કામે માગણી મુજબનો મનાઈ હુકમ અંગે મુદા નં. ૧ થી ૩ નો જવાબ સંયુક્ત રીતે જવાબ નકારમાં ઠરાવી અને મુદા નં. ૪ અન્વયે નીચે મુજબનો સંયુક્ત રીતે વચગાળાનો હુકમ ફરમાવવામાં આવે છે.

– :: હુકમ :: –

બન્ને પક્ષકારો દ્વારા સી.પી.સી ઓર્ડર – ૩૯, રૂલ – ૧ અને ૨ તથા કલમ – ૧૫૧ હેઠળ રજુ વચગાળાના મનાઈ હુકમ મેળવવાની અરજી તથા પ્રતિ અરજી આથી ન્યાયના હિતમાં સંયુક્ત રીતે રદ કરવામાં

આવે છે પરંતુ, અત્રેની કોર્ટ ને રહેલ વિવેકાધીન સત્તા ને ધ્યાને લેતા તથા સી. પી. સી કલમ – ૧૫૧ ને ધ્યાને લેતા, બન્ને પક્ષકારોએ હાલ સ્થાનિકે તેઓ પાસે જે કબજો ભોગવટો રહેલ છે અને જે સ્થળને તેઓ ઉપયોગ કરે છે તે પ્રમાણે યથાવત સ્થિતિ દાવાના આખર નિકાલ સુંધી જાળવી રાખી કોઈ નવું ચણતર કામ કે બાંધકામ પ્રતિવાદીઓ એ સ્થાનિકે કરવા પર અને કોઈ ને દુકાન કે મકાન બનાવી કે અન્ય કોઈ રીતે દાવના આખર નિકાલ સુંધી કે બીજો હુકમ ના થાય ત્યાં સુંધી વેચાણ ગીરો બક્ષિસ કે અન્ય કોઈ રીતે મિલકત ટ્રાન્સફર કરવા અને નવું કોઈ બાંધકામ નહિ કરવા સ્પસ્ટ મનાઈ હુકમ અને બીજો હુકમ થાય નહી ત્યાં સુંધી યથાવત સ્થિતિ જાળવી રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે. અને પ્રતિવાદીઓ દ્વારા નવો કોઈ નવા હક્કો કે બાંધક ઉભો કરવાનું કે, દબાણ કરવા પર સ્થાનિકે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજરોજ તા.૦૮, માહે : મે , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૫/૨૦૨૬
સ્થળ : ભિલોડા.

(એ. એ. દવે)
એડી. સિવિલ જજ – ભિલોડા
Gj–01442